# જગન્નાથ સ્નાન યાત્રાઃ ભગવાનના મહાસ્નાનનો પવિત્ર મહોત્સવ

ધર્મરંગ
વ્યોમા સેલર

ભારતની પ્રાચીન ધાર્મિક પરંપરાઓમાં ભગવાન શ્રીજગન્નાથજીની સ્નાનયાત્રાનું વિશેષ મહત્ત્વ છે. દર વર્ષે જ્યેષ્ઠ પૂર્ણિમાના પવિત્ર દિવસે ભગવાન શ્રીજગન્નાથ, તેમના મોટા ભાઈ બલભદ્રજી અને બહેન સુભદ્રાજીને ભવ્ય રીતે ૧૦૮ પવિત્ર કળશોના જળથી અભિષેક કરાવવામાં આવે છે. આ પ્રસંગને સ્નાન પૂર્ણિમા અથવા સ્નાનયાત્રા તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસથી ભગવાનની પ્રખ્યાત રથયાત્રા ઉત્સવની શરૂઆત માનવામાં આવે છે.



સ્નાનયાત્રાનો મુખ્ય હેતુ ભગવાન પ્રત્યેની ભક્તિ, શુદ્ધિ અને સમર્પણની ભાવનાને વ્યક્ત કરવાનો છે. ઓડિસાના પુરી સ્થિત શ્રીજગન્નાથ મંદિરમાં આ દિવસે લાખો શ્રદ્ધાળુઓ ભેગા થાય છે અને ભગવાનના દિવ્ય દર્શનનો લાભ મેળવે છે. ભગવાનને મંદિરમાંથી બહાર લાવી વિશાળ સ્નાનવેદી પર બિરાજમાન કરવામાં આવે છે, જ્યાં વૈદિક મંત્રોચ્ચાર સાથે પવિત્ર જળથી અભિષેક કરવામાં આવે છે.

ધાર્મિક માન્યતા અનુસાર આ ભવ્ય સ્નાન બાદ ભગવાનને તાવ આવી જાય છે. તેથી તેઓ લગભગ પંદર દિવસ સુધી જાહેર દર્શન આપતા નથી. આ સમયગાળાને અનવાસર કહેવામાં આવે છે. આ દરમિયાન ભગવાનને ઔષધિયુક્ત ભોગ અર્પણ કરવામાં આવે છે અને વિશેષ સેવા-પૂજા કરવામાં આવે છે. ત્યારબાદ ભગવાન સંપૂર્ણ સ્વસ્થ થઈને નવયૌવન સ્વરૂપે ભક્તોને દર્શન આપે છે, જેને નવયૌવન દર્શન કહેવામાં આવે છે. આ પછી અષાઢ સુદ બીજના દિવસે વિશ્વવિખ્યાત રથયાત્રા નીકળે છે.

સ્નાન યાત્રાના દિવસે ભગવાનને ગજવેશ (હાથીનો શણગાર) પણ ધારણ કરાવવામાં આવે છે. આ અલૌકિક શણગારનું દર્શન કરવા માટે લાખો ભક્તો ઉમટી પડે છે. ભગવાનનો આ સ્વરૂપ ભક્તોમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર રહે છે.

સ્નાનયાત્રા માત્ર ધાર્મિક વિધિ નથી, પરંતુ સમાનતા અને માનવતાનો પણ સુંદર સંદેશ આપે છે. ભગવાન શ્રીજગન્નાથને "જગતના નાથ" કહેવામાં આવે છે, એટલે કે તેઓ કોઈ એક જાતિ, વર્ગ કે પ્રદેશના નહીં, પરંતુ સમગ્ર વિશ્વના ભગવાન છે. તેમના ચરણોમાં દરેક વ્યક્તિ સમાન છે. ભક્તિમાં કોઈ ઊંચ-નીચ નથી અને દરેકને ભગવાનના આશીર્વાદ મેળવવાનો સમાન અધિકાર છે.

આ ઉત્સવ આપણને આંતરિક શુદ્ધિનો પણ સંદેશ આપે છે. જેમ ભગવાનનું પવિત્ર જળથી અભિષેક કરવામાં આવે છે, તેમ આપણે પણ પોતાના મનમાંથી ક્રોધ, અહંકાર, ઈર્ષ્યા, લોભ અને દ્વેષ જેવા દોષોને દૂર કરીને જીવનને પવિત્ર બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. સાચી સ્નાનયાત્રા માત્ર શરીરની નહીં, પરંતુ મન અને આત્માની શુદ્ધિમાં રહેલી છે.

ગુજરાતમાં પણ અમદાવાદ સહિત અનેક શહેરોમાં શ્રીજગન્નાથજીની સ્નાનયાત્રા ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવે છે. મંદિરોમાં વિશેષ પૂજા, મહાઅભિષેક, ભજન-કીર્તન અને પ્રસાદનું આયોજન કરવામાં આવે છે. ભક્તો ભગવાનના દર્શન કરીને પોતાના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે.

સ્નાનયાત્રા આપણને સેવા અને સમર્પણનું મહત્ત્વ પણ શીખવે છે. ભગવાનની સેવા કરનાર દરેક સેવક પોતાના કાર્યને પરમ પૂજા માને છે. નિઃસ્વાર્થ ભાવથી કરવામાં આવેલી સેવા જ સાચી ભક્તિનું સ્વરૂપ છે. ભગવાનને માત્ર ફૂલ, ફળ કે પ્રસાદથી જ નહીં, પરંતુ સારા વિચારો, સદાચાર અને પરોપકારથી પણ પ્રસન્ન કરી શકાય છે.

ભગવાન સંપૂર્ણ સ્વસ્થ થઈને નવયૌવન સ્વરૂપે ભક્તોને દર્શન આપે છે, જેને નવયૌવન દર્શન કહેવામાં આવે છે. આ પછી અષાઢ સુદ બીજના દિવસે વિશ્વવિખ્યાત રથયાત્રા નીકળે છે

આજના ભૌતિકવાદી યુગમાં સ્નાનયાત્રા જેવા પવિત્ર ઉત્સવો આપણા જીવનમાં આધ્યાત્મિક ચેતના જગાડે છે. આ ઉત્સવ આપણને યાદ અપાવે છે કે જીવનમાં ધન અને વૈભવ કરતાં શ્રદ્ધા, પ્રેમ, દયા, વિનમ્રતા અને માનવસેવાનું સ્થાન વધુ ઊંચું છે.

જ્યારે મન શુદ્ધ હોય અને હૃદયમાં ભગવાન પ્રત્યે અખંડ શ્રદ્ધા હોય, ત્યારે જીવન સાચા અર્થમાં ધન્ય બની જાય છે.

અંતમાં કહી શકાય કે જગન્નાથજીની સ્નાનયાત્રા માત્ર એક ધાર્મિક ઉત્સવ નથી, પરંતુ ભક્તિ, સમાનતા, સેવા, શુદ્ધિ અને માનવતાના અમૂલ્ય મૂલ્યોને જીવનમાં ઉતારવાનો પવિત્ર અવસર છે. ભગવાન શ્રીજગન્નાથજીના આશીર્વાદથી સૌના જીવનમાં સુખ, શાંતિ, આરોગ્ય અને આધ્યાત્મિક ઉન્નતિ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના. જય જગન્નાથ!

# આસન ક્યાં રાખવું?

બાઉલ કથા




લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

કલકત્તાથી તો બિરહીદાસ બાઉલને મળવા માટે સીલીગુડી સુધી સાથે નીકળ્યા હતા, પણ સીલીગુડી કસબામાંથી પસાર થયા ત્યારે, અમારા મિત્ર અને સારથી સુધીર રે કાંચનજંગા ફૂટબોલ સ્ટેડિયમ પાસે, 'મોહનબાગાન વિરુદ્ધ ઈસ્ટ બેંગોલ'ના ફૂટબોલ મેચના હોર્ડિંગ્સ જોઈ ગયા અને અંદરથી તેનો ફૂટબોલ પ્રેમી જીવ ડગમગી ગયો.

તેમણે અમને કહ્યું, 'સતીશ! બપોરે બે વાગ્યે મેચ છે. તમને બિરહીદાસના આશ્રમે છોડી, હું નીકળી જઈશ.' અમે તેના ફૂટબોલ પ્રેમને જાણતા હતા તેથી હા ભણી.

આશ્રમે પહોંચ્યા ત્યારે તો ચિત્ર સમૂળગુ ફરી ગયું! જ્યારે બાઉલ બીરહીદાસ પાસે સુધીર રજા માગવા ગયા ત્યારે ફૂટબોલ મેચનું કારણ જાણી, બાઉલ બોલ્યા, 'અમે બધા પણ આવશું!'

તેથી અમારે છ વ્યક્તિઓએ મેચ જોવા જવું તેવું નક્કી થયું. સ્ટેડિયમ પર પહોંચ્યા ત્યારે સુધીર ટિકિટ લેવા ગયો. થોડીવારમાં પાછો આવ્યો અને બોલ્યો, 'આગળની ખુરશીવાળી પ્રાઈમ ટિકિટ ઉપલબ્ધ નથી, સૌથી ઉપરની હરોળની ટિકિટ અને ઉપરથી નીચે ગણતા સાતમી હરોળની ટિકિટ ઉપલબ્ધ છે!'



અમારો સાથીદાર ફટીક બનીક બોલ્યો, 'ઉપરની ટિકિટ અને સાતમી હરોળની ટિકિટની કિંમતમાં શું ફેરફાર છે?'

સુધીરે કહ્યું, 'સૌથી ઉપરની ટિકિટ 200 રૂપિયા, સાતમી હરોળની ટિકિટની 300 છે.'

ફટીક ત્વરાથી બોલ્યો, 'તો ઉપરની હરોળની જ લઈ લે ને!'

અમારા સૌના આશ્ચર્ય વચ્ચે બાઉલ બોલ્યા, 'ના, સુધીર ઉપરથી સાતમી હરોળ છે, તેની જ ટિકિટ લઈ લે, ભલે 300 ભાવ હોય!'

ટિકિટ લીધી. અમે ખૂબ જ હોહા વચ્ચે મેચ જોયો. મોહનબાગાનની ટીમ વિજયને વરી.

પાછા વળતા અમે બધા કારમાં ગોઠવાયા. એક સ્થાને બીડીનો કસ લેવા માટે બાઉલ ખુલ્લામાં દૂર એકલા ઊભા રહ્યાં.

અમારા સાથી મિત્ર ફટીકે ઉભરો ઠાલવ્યો, 'ગજબ છે બાઉલ! બાઉલ થયા પછી પણ ફૂટબોલનો શોખ રાખે છે! વળી પાછો, ફૂટી કોડી ખિસ્સામાં ન હોય, છતાં પણ વચ્ચેની હરોળની મોંઘી ટિકિટનો આગ્રહ રાખે છે! સાવ ઉપરની ટિકિટમાં શું વાંધો પડતો હશે?'

વાત પૂરી થાય ત્યાં તો બાઉલનું ધુમ્રપાન પણ પૂર્ણ થયું. તે ફરીથી કારમાં ગોઠવાઈ ગયો. બધા આશ્રમ પર પહોંચ્યા.

આશ્રમની ઝૂંપડીની ખુલ્લી પરસાળમાં બાઉલ સાથે સત્સંગમાં બેઠા. તો બાઉલે પાંચે વ્યક્તિઓમાંથી ફક્ત ફટીક સામે આંખ મિલાવીને કહ્યું, 'બાઉલત્વ કેળવવામાં કે જાળવી રાખવામાં ફૂટબોલની શું, જગતની એક પણ રમત અવરોધક ન બને! ફટીક બાબુ!'

અમને થયું આ બાઉલ યાત્રા પહેલા ફટીકે કરેલ ટિપ્પણી સાંભળી ગયો હશે?

ત્યાં તો તે આગળ બોલ્યા, 'વર્ષો પહેલા હું જ્યારે મારા ગુરુ બાંધવદાસ પાસે બાઉલ બનવા માટે આવ્યો ત્યારે આઠ વર્ષનો હતો. ફૂટબોલ રમતો અને ખેલ નિહાળતો પણ ખરો.

એક વખતે મારા ગુરુ બાંધવદાસ, અમને ચાર બાઉલ શિષ્યોને મેચ જોવા માટે લઈ ગયા. ત્યારે તેમણે ઉપરથી ચોથી હરોળમાં અમોને બેસાડ્યા.

પાછા આશ્રમે જતા હતા ત્યારે તેમણે કહ્યું, 'જો બેટા, બિરહી! સ્ટેડિયમમાં ક્યારેય સાવ ટોચ પર ન બેસવું, કારણ કે ત્યાંથી સ્ટેડિયમની બહારનો રમણીય પ્રદેશ નદી, પશુ, પંખી, વગેરે દેખાય! આપણું ધ્યાન રમતને બદલે આ બધું જોવા તરફ વિચલીત થઈ જાય! તેથી આસન એવા મધ્યસ્થાને રાખવું કે ત્યાંથી 'ખેલા' સિવાય કશું નજરે ન પડે!'

આશ્રમે પહોંચ્યા ત્યારે તો ચિત્ર સમૂળગુ ફરી ગયું! જ્યારે બાઉલ બીરહીદાસ પાસે સુધીર રજા માગવા ગયા ત્યારે ફૂટબોલ મેચનું કારણ જાણી, બાઉલ બોલ્યા, 'અમે બધા પણ આવશું!'

પછી કહ્યું, 'બેટા! સાધનામાં પણ સાવ ટોંચ પર બેસવાની ઘેલછા ન રાખવી. ત્યાં બેસો તો મનેર માનુષના ખેલ સિવાય બીજા સ્થાનો જેવા કે સત્તા, સ્થાન ટકાવવાની રમત, અહંકાર, જગ દેખાડો કરવાની વૃત્તિ, વગેરે જોવાની લાલસામાં મન ભટકી જાય!

થોડા નીચે હોઈએ તો નજર સામે ફક્ત મનેર માનુષના ખેલ અને તેને પ્રાપ્ત કરવાની લાલસા સિવાય કશું ન દેખાય! મન તેને જ પ્રાપ્ત કરવા માટે એકાગ્ર રહે! માટે ફૂટબોલ સ્ટેડિયમની વચ્ચેની બેઠકની જેમ સાધના માટેનું આસન પણ થોડું નીચું જમાવવું!'

મધ્યમાં આસન જમાવવાની શિખામણ આપનાર બિરહીદાસનું આસન અમને તો ખૂબ ઊંચું લાગ્યું!